Government of Gujarat

Department of Education

Circular No. UGY/1209/3496/part-1/kh-2

Date:24/10/2016

# Circular

Translation of Important Part of reservation policy of Gujarat State Government.

- Percentage of reservation:

| Sr. No. | Details | Percentage of reserve seats (%) |
|---|---|---|
| 1 | Schedule Cast | 07% |
| 2 | Schedule Tribe | 15% |
| 3 | Socially and Economically Backward Cast | 27% |

Sd.

(Nikunj Jani)
Under Secretary.
Department of Education.

Govt. Arts and Commerce College
Netrang, Di. Bharuch

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

અનામત નીતિ અંગે યુ.જી.સી.ની
ગાઇડલાઇન બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક ઉગશ/૧૨૦૭/૩૪૭૬/ચાર્ટ-૧/ખ-૨.
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૪.૧૦.૨૦૧૬

વંચાણે લીધા-

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક: એફ.૧-૧૧/૨૦૦૬ (એસ.સી.ટી) તા.૨૫.૦૮.૨૦૦૬ થી બહાર પાડેલ અનામત નીતિ પરત્વેની ગાઇડલાઇન

પ રિ પ ત્ર :

આથી આ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો આપવામાં આવેલ છે. તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત છે. વધુમાં કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફ ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/ સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જેથી અનામત નીતિ અંગેની પ્રવર્તમાન જોગવાઇઓને ધ્યાને લેતા વહીવટી સરળતા ખાતર તેમજ વહીવટકર્તા/અમલકર્તાઓને યોગ્ય સમજ મળી રહે તે હેતુસર યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અનામત કેટેગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નીતિ તમામ સંસ્થાઓમાં એક જ સરખી રહે તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઇઓ નીચે મુજબ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે સંબંધકર્તાઓને જણાવવામાં આવે છે.

- અનામત પ્રમાણ :

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અનામત જાતિ (શેડ્યુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨ | અનુસૂચિત જનજાતિ (શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) | ૧૫% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી) | ૨૭% |

Govt. Arts and Commerce College
Netrang, Di. Bharuch

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

- **વિદ્યાર્થી પ્રવેશ :-**

(૧) સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ., પીએચ.ડી. વગેરે કક્ષાએ તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી પ્રવેશ નિયત પ્રમાણ મુજબ પ્રવેશ.

(૨) પ્રવેશ માટેની નિયત શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, પ્રવેશ પરિક્ષામાં પાસિંગ સ્ટાન્ડર્ડ વગેરેમાં છૂટછાટ સરકારશ્રી, યુ.જી.સી./ વિવિધ વૈધાનિક સંસ્થાઓના નિયમોને આધીન છૂટછાટ આપવાની રહેશે.

(૩) અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થી પ્રવેશમાં નીચલી ટકાવારી અંગેની ખાસ કોઇ જોગવાઇ અમલમાં ન હોય તો સદર વિદ્યાર્થીઓની અપાત્રતાના કિસ્સામાં પાસિંગ સ્ટાન્ડર્ડ સુધી પ્રવેશ આપવાનો રહેશે.

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અલગથી પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) જો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ નિયત ધોરણો જેવા કે, પ્રવેશપત્ર ફી, સત્ર ફી જે તેઓને લાગુ પડતી હોય, તે ભરવામાંથી છૂટછાટ લીધા સિવાય, પોતાની ગુણવત્તાને આધારે સામાન્ય મેરીટ મુજબ જો પ્રવેશ પામે તો તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને તે કેટેગરીના નિયત પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહીં પરંતુ સામાન્ય કક્ષામાં તેઓને પ્રવેશ મળેલો ગણવાનો રહેશે.

(૬) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત પ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો અનુસૂચિત જાતિ/ જનજાતિમાં અરસ-પરસની જે કેટેગરીની જગ્યા ખાલી હોય તેમાં અરસ-પરસ પ્રવેશ આપી શકાશે.

(૭) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત પ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો રાષ્ટ્રીય કક્ષાના વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધ કરવી.

(૮) પ્રવેશ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ ક્લાસનું આયોજન કરવું.

(૯) પ્રવેશ પ્રક્રિયા સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિ પૈકીના એક પ્રતિનિધિ હોવા આવશ્યક છે.

- **સ્ટાફ ભરતી :-**

(૧) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો માટે અલગથી ઇન્ટરવ્યુ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) જો અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો નિયત ધોરણો જેવા કે, આવેદનપત્ર ફી વગેરે જે તેઓને લાગુ પડતી હોય, તે ભરવામાંથી છૂટછાટ લીધા સિવાય, પોતાની ગુણવત્તાને આધારે સામાન્ય મેરીટ મુજબ જો પસંદગી

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

પાએ તો તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને તે કેટેગરીના નિયત પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહી. પરંતુ સામાન્ય કક્ષામાં ગણવા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯.૦૧.૨૦૦૦ અને તા.૨૩.૦૭.૨૦૦૪ ની સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે તેમજ

- સરકારની રોસ્ટર અંગેની વખતો વખતની પ્રવર્તમાન સૂચનાઓને અનુસરવાનું રહેશે.

(૩) જો બઢતીમાં ફીડર કેડરમાં અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે તથા પ્રમાણ જાળવવાનું રહેશે.

(૪) સરકારશ્રીએ નિયત કરેલ રોસ્ટર ક્રમાંકો મુજબ ભરતી/બઢતી કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સ્ટાફ ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ ક્લાસનું આયોજન કરવું.

(૬) વરણી સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિના ૧ પ્રતિનીધિ હોવા આવશ્યક છે.

- <u>હોસ્ટેલ પ્રવેશ :-</u>

(૧) નિયત પ્રમાણ મુજબ પ્રવેશ.

(૨) અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓ પાસેથી કોઇ પ્રકારનું ભાડુ લેવાનું રહેશે નહી.

- <u>સ્ટાફ આવાસ :-</u>

(૧) નિયત પ્રમાણ મુજબ ફાળવણી

તમામ યુનિવર્સિટી ખાતે કામગીરીના સંકલન, નિયંત્રણ, અમલીકરણ માટે
નાયબ કુલસચિવ કક્ષાના અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. અનામત
નીતિના અમલ અંગે દરેક કોલેજ કક્ષાએ જે તે કોલેજના આચાર્યશ્રીના અધ્યક્ષ સ્થાને
સલાહકાર સમિતિની રચના કરવાની રહેશે. જેનું માળખું નીચે મુજબ છે. સમિતિની
બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. જે તે બેઠકમાં અગાઉની બેઠકોમાં થયેલી
કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે. જે તે કોલેજ/સંસ્થામાં કેન્દ્ર સરકારશ્રી તથા
રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ આરક્ષણ નીતિ તથા તે પરત્વે વિદ્યાર્થી
પ્રવેશ/સ્ટાફ ભરતી બાબતમાં પ્રમાણ જાળવવા અંગેની સમીક્ષા, નિયંત્રણ,
અમલીકરણ કરવાનું રહેશે. તેમજ કમિટીની રચના અને કાર્યવાહી જાણ અનેની
યુનિવર્સિટીના એસ.સી.-એસ.ટી સેલને કરવાની રહેશે.

- <u>કોલેજ ખાતેની સલાહકાર સમિતિ :-</u>

(૧) સંબંધિત સંસ્થાના આચાર્ય/ વડા – અધ્યક્ષ

(૨) બે થી ચાર શૈક્ષણિક સ્ટાફ – સભ્યશ્રી

Govt. Arts and Commerce College • Netrang, Di. Bharuch •

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

(જેમાં અનુસૂચિત જાતિ/જનજાતિના સાંસદશ્રીઓ સભ્યશ્રી [illegible])

(૩) અ. સંબંધિત જિલ્લાના જિલ્લા પંચાયત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી ⎫ સરકારશ્રીના
બ. તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ કલ્યાણ ⎭ પ્રતિનિધિ

(૪) નાયબ કુલસચિવશ્રી, એસ.સી./એસ.ટી. સેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ

અનામત નીતિના અમલ બાબતે સંદર્ભિત પત્રથી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને બહાર પાડેલ ગાઇડ લાઇનની નકલ પણ આ સાથે અમલ અર્થે સામેલ છે, જેનો ચુસ્ત અમલ થાય તે માટે કરવા સર્વે યુનિવર્સિટીને જણાવવામાં આવે છે.

યુનિવર્સિટીના સક્ષમ સત્તામંડળમાં પ્રસ્તુત પરિપત્રમાંની સૂચનાઓ અન્વયે નિયમોનુસાર કાર્યવાહી કરી યુનિવર્સિટીના લાગુ પડતા સ્ટેચ્યુટ/ઓર્ડીનન્સ /રેગ્યુલેશન કે કલમમાં સુધારો કરવા કે આ. પરિપત્રની જોગવાઇઓ દાખલ કરવા શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓને આદેશ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિકુંજ [illegible])
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

[illegible] તા. [illegible]
[illegible]

---

૪૦૯૩
ક્રમાંક: GHE/ISC-7/[illegible]
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૪/૧૦/૨૦૧૬.

નકલ— શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉક્ત તા.૨૪/૧૦/૧૬ ના પરિપત્ર ક્રમાંક: ઉગપ/૧૨૦૯/[illegible] થી જણાવેલ વિગતો અનુસારની આપની કક્ષાએથી ધ્યાને લઈ તે સુચનાઓનો અમલીકરણ તાકીદે કરવા કરવા સારૂ.

નાયબ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટીઓ, તમામ.
- આચાર્યશ્રી, સરકારી કોલેજ, તમામ.
- આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત કોલેજો, તમામ.
- [illegible] કચેરી, અમદાવાદ
- ફાઇલ કોપી.

Principal
Govt. Arts & Commerce College
Netrang. Dist. Bharuch

Govt. Arts and Commerce College Netrang. Di. Bharuch

અનામત અને રોસ્ટર પ્રથા –જગ્યા આધારિત
આર.કે.સભરવાલ અને અન્ય વિરુદ્ધ પંજાબ
સરકાર અને અન્યના કેસમાં નામ. સર્વોચ્ચ
અદાલતના ચુકાદાના અમલીકરણ અંગે
સ્પષ્ટતાઓ કરવા બાબત..

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પવસ–૧૦૯૯–મુમ–૧૩–ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૨–૨૦૦૪.
16 DEC 2004

વંચાણે લીધા :– (૧) સા.વ.વિ.નો તા.૨૫/૬/૮૨ના ઠ. ક. પવસ–૧૧૮૨/ ૫૧૨/ગ.૩
(૨) સા.વ.વિ.નો તા.૮/૩/૯૯નો ઠ. ક.પવસ–૧૬૯૬/૮૭૮/ગ.૪
(૩) સા.વ.વિ.નો તા.૩૧/૮/૯૯નો પ.ક.પવસ–૧૬૯૬/૮૭૮/ગ.૪
(૪) સા.વ.વિ.નો તા.૨૯/૧/૨૦૦૦નો ઠ. ક. પવસ/૧૦૯૯/મુમ–૧૩–ગ.૪
(૫) સા.વ.વિ.નો તા.૧/૩/૨૦૦૦નો ઠ. ક. પવસ/૧૦૯૮/૧૭૩૦/ગ.૪
(૬) સા.વ.વિ.નો તા.૫/૯/૨૦૦૦ના ઠ.ક.પવસ/૧૬૯૬/૮૭૮/ભાગ –૨૭/ગ.૪
(૭) સા.વ.વિ.નો તા.૧૫/૨/૦૧નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર–૧૦૨૦૦૦–જીઓઆઈ–૭–ગર
(૮) ભારત સરકારના કર્મચારીગણ, લોકફરીયાદ અને પેન્શન મંત્રાલયના કર્મચારીગણ અને તાલીમ વિભાગનો તા.૪/૬/૨૦૦૩નો પત્ર ક્રમાંક: ૩૬૦૨૮/૭/૨૦૦૦/ઈએસટીટી(આરઈએસ)
(૯) સા.વ.વિ.નો તા.૨૩/૯/૦૩નો પરિપત્ર ક્રમાંક:પવસ–૧૦૯૬–મુમ–૧૩–ગ.૪

## //પરિપત્ર//

રાજય સેવાઓ અને જગાઓમાં કોઈપણ ભરતી પ્રસંગે અનામતની જગાઓ કુલ જગ્યાઓની ૫૦ ટકાની મર્યાદામાં નિયત કરવા બાબતે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના સા.વ.વિ.ના તા.૨૫/૬/૮૨ના ઠરાવથી જરુરી જોગવાઈ કરવામાં આવેલી છે. તેમજ ક્રમ:(૨) સામેના સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ના ઠરાવથી પણ કુલ અનામત કોઈપણ સંજોગોમાં સંવર્ગના ૫૦ % થી વધે નહિ તે ધ્યાનમાં રાખીને રોસ્ટર ક્રમાંકો તૈયાર કરવા તેમજ તેની અમલવારી અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. જે અંગે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ(૩) સામેના સા.વ.વિ.ના તા.૩૧/૮/૯૯ના પરિપત્રના મુદા ક્રમાંક (૧૬) માં વિશેષ સ્પષ્ટતા કરેલી છે. અનામત વર્ગોને અપાતી છુટછાટ અને રાહતો સંદર્ભમાં ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ: (૪) સામેના સા.વ.વિ.ના તા.૨૯/૧/૨૦૦૦ના પરિપત્રથી જે વ્યક્તિઓ અનામતના હિસાબે નહિ પરંતુ તેમની પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામી નિમાયેલા હોય તેમને તેમના અનામત નિર્ધારિત કવોટા સામે નહિ પરંતુ બિન–અનામત ઉમેદવાર તરીકે ગણવાના છે તેમાં બિન–અનામત તરીકે કોને ગણવા તે અંગેની વિશેષ સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. જયારે ઉપરોકત ક્રમ (૫) સામેના સા.વ.વિ.ના તા.૧/૩/૨૦૦૦ના ઠરાવથી અનુ.જનજાતિ ૧૪ ટકાની અનામતમાં ૧ ટકાનો વધારો કરી ૧૫ ટકાની ટકાવારી અમલમાં લાવવાનું સરકાર દ્વારા નકકી થતાં ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ (૬) સામેના સા.વ.વિ.ના તા.૫/૯/૨૦૦૦ના ઠરાવથી અનુ.જાતિ માટે ૭ % અનુ.જનજાતિ માટે ૧૫ % અને સા.અને શૈ.પછાત વર્ગો માટે ૨૭ % લેખે સુધારેલ જગ્યા આધારિત નમુનારુપ રાજયકક્ષાની સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંકો પ્રસિધ્ધ કરવામાં આવેલા છે. આમ છતાં કેટલાક મુદાઓ દ્વારા સ્પષ્ટતાઓ અંગે વિવિધ રજૂઆતો સા.વ. વિભાગે મળેલ હતી જેઅંગે જરુર જણાતા સા.વ.વિભાગ દ્વારા ભારત સરકારનું જરુરી માર્ગદર્શન મંગાવવામાં આવેલ હતું. આ અંગે ભારત સરકારના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ (૭) સામેના તા.૪/૬/૦૩ના પત્રથી થયેલ સ્પષ્ટતાઓને અનુલક્ષીને નીચે જણાવેલ મુદાઓ સામે જરુરી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે, જેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

Govt. Arts & Commerce College
Netrang, Di. Bharuch

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

| ક્રમ | મુદ્દો | | સ્પષ્ટતા |
|---|---|---|---|
| ૧. | સા.અને શૈ. પછાતવર્ગો માટે તા.૧/૪/૭૮ પહેલા અનામતની જોગવાઈ ન હતી. તા.૧/૪/૭૮ થી આ વર્ગો માટે વર્ગ–૧ અને વર્ગ–૨ મા ૫ % અને વર્ગ–૩ અને વર્ગ–૪ માં ૧૦ % અનામતની જોગવાઈ કરવામાં આવેલી હતી. જ્યારે તા.૧/૫/૯૪ થી સા.અને શૈ. પછાત વર્ગો <u>માટે ૨૭ % અનામત સરકારી સેવાઓ</u> અને જગાઓંમા રાખવાની જોગવાઈ થયેલી છે. આ સંજોગોમા નમુનારુપ જગ્યા આધારિત રોસ્ટરો કઈ રીતે તૈયાર કરી તેનો અમલ રવાનો રહે છે? | ૧. | જગ્યા આધારિત રોસ્ટરનો અમલ જગ્યા આધારિત અનામત નીતિના અમલ બાબતે સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ના ઠરાવ મુજબ તે તારીખની અનામતની ટકાવારીને ધ્યાને લઈ કરવાનો રહે છે. |
| ૨. | ફકત અને માત્ર એક જગાના સંવર્ગમાં અનામત લાગુ પડે છે કે કેમ ? | ૨. | નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એન્જીનીયરીંગ અને રીસર્ચ, ચંદીગઢના કેસમાં અપાયેલ ચુકાદા અનુસાર એક જગાના સંવર્ગમાં અનામત રાખવાની રહેતી નથી |
| ૩. | સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ અને તા.૫/૯/૨૦૦૦ના ઠરાવથી થયેલ જોગવાઈ અને અપાયેલ સૂચનાઓ અનુસાર બે થી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં નમુના રુપ આપેલ રોસ્ટર ક્રમાંકોનો પ્રથમ ઉભા કોલમ અને ત્યારબાદ આડી લાઈનમાં અંગ્રેજી ' L ' આકારમાં અમ કરવાનો રહે છે. પરંતુ આ ' L ' આકારમાં અમલવારી પૂર્ણ થઈ ગયા બાદ આ નાના સંવર્ગોમાં કઈ રીતે રોસ્ટરની અમલવારી કરવાની રહે છે ? | ૫. | બેથી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં અંગ્રેજી ' L' આકારમાં દર્શાવેલ નમુનારૂપ રોસ્ટર ક્રમાંકોમાં બધા જ ક્રમાંક પૂર્ણ થઈ જાય અર્થાત ' L' આકારમાં અમલવારી પૂર્ણ થઈ ગયા બાદ ફરીએક નંબરના રોસ્ટર ક્રમાંક થી ' L' આકારમાં અમલવારી કરવાની રહે છે. |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન.સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી. ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
×સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે ખાતાના / કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

× પત્ર દ્વારા.

Govt. Arts and Commerce College, Netrang, Di. Bharuch

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch

5. Reservation of Seats.-

(A) For Government Seats,-

(1) Fifty percent (50%) of available seats for admissions in each Government Medical and Dental College shall be reserved for the candidates of All India Quota who are allotted for admission by the Director General of Health Services, Government of India, New Delhi.

(2) After deduction of the seats referred to in sub-rule (1), the remaining available Government seats shall be reserved for the candidate who are origin of Gujarat and falling under the following categories, namely:-

| | | | |
|---|---|---|---|
| (a) | Scheduled Castes | : | 7 % |
| (b) | Scheduled Tribes | : | 15 % |
| (c) | Socially and Educationally Backward Classes | : | 27 % |

For Allocation of seats (SC/ST/SEBC/OPEN and PH), under different categories, a roster system as notified by the State Government shall be followed. The roster register shall be maintained at State level for all the courses and categories and used for allocation of seats as per roster register.

Explanation - The reservation of the seats shall be for the candidates belonging to the Scheduled Castes, Scheduled Tribes, Socially and Educationally Backward Classes recognized as such in the State of Gujarat and not for those who have migrated from other States.

(3) A candidate seeking admission on reserved seat shall be required to produce a Certificate of Caste from which he originates:

Provided that the candidate belonging to Socially and Educationally Backward Class shall be required to produce a certificate to the effect of non-inclusion in Creamy Layer in addition to the caste certificate.

(4) No caste certificate shall be valid unless it is duly stamped, signed and issued by the authority empowered in this regard by the Government of Gujarat.

(5) No certificate regarding non-inclusion in Creamy Layer shall be valid, unless it is duly stamped, signed and issued by the authority empowered by the Government of Gujarat. Such certificate should have been issued on or after the 1st April, 2016 as per Social Justice and Empowerment Department Resolution No. SSP/122015/455246/A, dated 26/4/2016.

(6) If a candidate fails to submit the certificates as required under sub-rule (2) within the stipulated time, his candidature shall be considered for admission under unreserved category.

(7) If a candidate of reserved category gets admission on unreserved seat in order of merits, he may be given admission on the unreserved seat according to his preference.

(8) The admission of a candidate of a reserved category on a reserved seat shall be valid subject to the verification of caste certificate by the authority empowered in this regard by the State Government. In case the caste certificate is found invalid on verification, he shall not have right to claim his admission on reserved seat and if he has already been granted admission, such admission shall be cancelled.

(9) After granting admission to all the candidates of reserved categories who are in merit list on reserved seats, remaining vacant seats of the reserved category shall be transferred to the unreserved category seats.

(B) For Management Seats,-

No candidate shall be admitted in the Professional Post-graduate Medical Educational Courses unless he fulfills the eligibility criteria including the qualifying in NEET-PG as may be notified from time to time.

(C) For Non-Resident Indian seats,-

No candidate shall be admitted to the Professional Post-graduate Medical Educational Courses unless he fulfills the eligibility criteria including the qualifying in NEET-PG as may be notified from time to time.

Govt. Arts and Commerce College, Netrang, Di. Bharuch

Principal
Govt. Arts & Commerce College
Netrang, Dist. Bharuch